dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue-69 | AD - 2024, Magashirsha Sud-12 | Thursday, Dt.12-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

2 વર્ષ
સેવા, સંકલ્પ અને સમર્પણના


માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં

## 2 વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના



"આજે ગુજરાતે વિકાસની હરણફાળ ભરી છે,
2047 માં વિકસિત ભારતના નિર્માણમાં
ગુજરાતનું યોગદાન અભૂતપૂર્વ રહેશે."

**શ્રી નરેન્દ્રભાઈ મોદી**
માનનીય વડાપ્રધાન



"વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 2047 સુધીના અમૃતકાળને કર્તવ્યકાળ ગણાવ્યો છે. આપણે સહુ કર્તવ્યકાળમાં વિકસિત ગુજરાતના નિર્માણથી વિકસિત ભારતના નિર્માણ માટે કટિબદ્ધ થઈએ."

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં

# 2 વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના

## નીતિ-નિર્ધારણના બે વર્ષ

1) ખરીદ નીતિ-2024
2) ગુજરાત ટેક્સટાઇલ પોલિસી-2024
3) કુટીર અને ગ્રામોધોગ નીતિ-2024
4) નારી ગૌરવ નીતિ-2024
5) ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી-2023
6) સેમિકંડક્ટર પોલિસી
7) નવી IT/ITes પોલિસી
8) ગ્રીન-હાઇડ્રોજન પોલિસી

## સુશાસનના બે વર્ષ

- ગુજરાતનું અત્યાર સુધીનું ₹3 લાખ 32 હજાર કરોડનું સૌથી મોટું બજેટ.
- કેન્દ્રના નીતિ આયોગની પેટર્ન પર રાજ્યમાં ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT) ની સ્થાપના કરવામાં આવી. આ સંસ્થા રાજ્યની વિકાસ વ્યૂહરચનાઓને આગળ ધપાવશે.
- રાજ્યમાં શહેરીકરણ સુદૃઢ થાય તે માટે નવી 9 મહાનગરપાલિકા અને 1 નગરપાલિકાની રચના થશે
- 2 લાખ 82 હજાર ઘર પર સોલાર પેનલ, ઊર્જા સુરક્ષામાં ગુજરાત દેશમાં અગ્રેસર
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આવાસ નિર્માણમાં ગુજરાત દેશમાં અગ્રેસર
- PMJAY-MA હેઠળ મળતી સહાય બમણી, હવે ₹10 લાખ સુધીની સારવાર નિઃશુલ્ક
- ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, 2024 અમલી
- સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ પ્રાથમિક શાળાના 41 લાખ વિદ્યાર્થીઓને પૌષ્ટિક અલ્પાહાર આપવા માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના'નો આરંભ
- યુવાનોના ઇનોવેટિવ વિચારોને ગુડ ગવર્નન્સમાં સાંકળવાની દિશામાં "સરદાર પટેલ ગુડ ગવર્નન્સ ફેલોશીપની" શરૂઆત કરી.
- ગુજરાતમાં 'એક પેડ મા કે નામ' અંતર્ગત 17 કરોડ 19 લાખથી વધુ વૃક્ષોનું વાવેતર.
- ભારત સરકારના DPIIT અનુસાર, ગત વર્ષની સરખામણીએ $2.6બિલિયન વધુ FDI મેળવીને નાણાકીય વર્ષ 2024માં $7.3 બિલિયન FDI પ્રાપ્ત કર્યું
- પીએમ સૂર્યઘર મુક્ત બીજલી યોજના અંતર્ગત માત્ર 7 મહિનામાં 1,59,338 લાભાર્થીઓને લાભ
- વિશ્વના સૌથી મોટા 37 ગીગાવૉટના હાઇબ્રિડ રિન્યૂએબલ પાર્કનું નિર્માણકાર્ય પ્રગતિ હેઠળ
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમદાવાદ મેટ્રો ફેઝ -2નું લોકાર્પણ

## ખુશહાલ ખેડૂતના બે વર્ષ

- 'કિસાન સૂર્યોદય યોજના' હેઠળ રાજ્યના 13,730 એટલે કે 76% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી
- પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ 56 લાખથી વધુ ખેડૂતોને ₹6,300 કરોડથી વધુ રકમની સહાય.
- 20 લાખથી વધુ ખેડૂતોને પાક-ધિરાણ પર ₹2900 કરોડથી વધુની વ્યાજ સહાય
- ₹2800 કરોડથી વધુના મૂલ્યની વિવિધ કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી
- 9.85 લાખ ખેડૂતો સક્રિય રીતે પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયા, રાજ્યના 53 લાખથી વધુ ખેડૂતોને તાલીમ

## દીકરીઓ અને મહિલાઓના સર્વાંગી વિકાસના બે વર્ષ

- રાજ્યની દીકરીઓ વધુ ભણે અને આગળ વધે તે માટે શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના દ્વારા લગભગ 10 લાખ વિધાર્થિનીઓને ₹138 કરોડથી વધુની સહાય ચૂકવાઇ.
- વિદ્યાર્થીઓ વિજ્ઞાન પ્રવાહમાં ભણવા પ્રેરાય તે માટે શરૂ કરાયેલી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના' અંતર્ગત 2.5 લાખથી વધુ વિદ્યાર્થીઓને ₹28 કરોડથી વધુની સહાય ચૂકવાઇ
- નમો શ્રી યોજના હેઠળ ગર્ભવતી મહિલાઓને ₹12 હજાર રૂપિયાની આર્થિક સહાય આપવાની યોજના દ્વારા 1.45 લાખ લાભાર્થીઓને સહાય
- સૌપ્રથમવાર જેન્ડર બજેટ ₹1 લાખ કરોડને પાર, 200 વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી

## ગરીબ કલ્યાણના બે વર્ષ

- 'શ્રમિક અન્નપૂર્ણા યોજના' હેઠળ 2 કરોડ 68 લાખ લોકોને ભોજન વિતરણ.
- 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ 72 લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોને અનાજ વિતરણ
- શ્રમિક બસેરા યોજનાની શરૂઆત, આગામી ત્રણ વર્ષમાં ₹1500 કરોડના ખર્ચે 3 લાખ બાંધકામ શ્રમિકો માટે શ્રમિક બસેરાના નિર્માણનું આયોજન.
- 'વનબંધુ કલ્યાણ યોજના 2.0' અંતર્ગત છેલ્લા બે વર્ષમાં ₹2500 કરોડથી વધુનો ખર્ચ
- ભગવાન બીરસા મુંડાની 150મી જન્મ જયંતિની 'જનજાતિય ગૌરવ વર્ષ' તરીકે ભવ્ય ઉજવણી

## યુવા વિકાસના બે વર્ષ

- દેશમાં 'એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ સ્ટેટિસ્ટિક્સ-2023' અનુસાર યુવાનોને રોજગારી આપવામાં ગુજરાત દેશમાં પ્રથમ
- ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં સતત ચાર વખત દેશમાં ગુજરાત મોખરે
- રાજ્યના 21 જિલ્લાઓના 50 તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય
- 2023- દેશમાં સૌપ્રથમ સ્પોર્ટ્સ સ્ટાર્ટઅપ કોન્ક્લેવનું આયોજન.

## ગૌરવવંતી સિદ્ધિઓના બે વર્ષ

- વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના 10મા સંસ્કરણનું સફળતાપૂર્વક આયોજન. ₹45 લાખ કરોડથી વધુના 98,000 થી વધુ MoU થયા.
- ગુજરાતમાં 17 G-20 મિટિંગનું સફળતાપૂર્વક આયોજન
- UN એજન્સી વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન (UNWTO) દ્વારા ધોરડોનો વિશ્વના શ્રેષ્ઠ ટુરિઝમ વિલેજની યાદીમાં સમાવેશ
- યુનેસ્કોએ ગુજરાતના ગરબાને 'અમૂર્ત સાંસ્કૃતિક વારસો' જાહેર કર્યો
- કચ્છના સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને વિશ્વના 3 સૌથી સુંદર મ્યુઝિયમની યાદીમાં સ્થાન
- 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' રેન્કિંગમાં રાષ્ટ્રીય સ્તરે ગુજરાત 'ટોપ અચીવર' સ્ટેટ.
- સ્વામિત્વ યોજના અંતર્ગત 11 લાખ 50 હજારથી વધુ પ્રોપર્ટી-કાર્ડનું વિતરણ, આ યોજનાના બીજા તબક્કામાં સમગ્ર દેશમાં ગુજરાત અગ્રેસર

વિકસિત ભારત માટે
'વિકસિત ગુજરાત @ 2047' રોડમેપ દ્વારા
વિકાસનું નક્કર આયોજન






2 વર્ષ
સેવા, સંકલ્પ અને સમર્પણના




'ફિટ ઈન્ડિયા ફિટ મીડિયા' અભિયાન અંતર્ગત રાજય સરકાર અને રેડક્રોસ સોસાયટી દ્વારા

# અમરેલીમાં પત્રકારો માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૧

રાજ્ય સરકાર અને રેડક્રોસ સોસાયટી દ્વારા પત્રકારો માટે જિલ્લા કક્ષાનો આરોગ્ય ચકાસણી કેમ્પ અમરેલી રેડક્રોસ ખાતે સંપન્ન થયો હતો. કામગીરીમાં સતત અને ઘણા વ્યસ્ત રહેતા તમામ પત્રકારોનું હેલ્થ ચેકઅપ થઈ શકે તે માટે રાજય સરકાર અને રેડક્રોસ દ્વારા અમરેલી સ્થિત રેડક્રોસ ખાતે યોજાયેલા હેલ્થ ચેકઅપ કેમ્પમાં વિવિધ સમાચાર સંસ્થાઓના ૬૭ પત્રકારો, મીડિયાકર્મીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કેમ્પમાં પત્રકારોના સંપૂર્ણ બ્લડ કાઉન્ટ, બ્લડ ગ્રુપ, લીવર ફંક્શન, લિપીડ પ્રોફાઈલ, કિડની ફંક્શન ટેસ્ટ, એસ. યુરિક એસિડ, કેલ્શિયમ, હોર્મોનલ ટેસ્ટ, વિટામિન બી૧૨, વિટામિન ડી, ડાયાબિટિક માર્કર,



એક્સર રે, ઈ.સી.જી. સહિતના અગત્યના ટેસ્ટ નિઃશુલ્ક કરવામાં આવ્યા હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે અમરેલી રેડક્રોસ પરિવારના ડો. ભરત કાનાબાર, મધુભાઈ અજુગીયા, ચેતનભાઈ રાવલ સહિતના અગ્રણીઓ તેમજ અમરેલીના દૈનિક, સાપ્તાહિકના તંત્રઓ, સહ તંત્રીઓ, પત્રકારો, ઈલેક્ટ્રોનિક મીડિયાના રિપોર્ટરો, પત્રકારો, કેમેરામેનો, વિવિધ સમાચાર સંસ્થાના પ્રતિનિધીઓ, મીડિયાકર્મીઓ સહિતનાઓએ હેલ્થ ચેકઅપ કેમ્પને સફળ બનાવ્યો હતો.

# અમરેલી-લાઠી રોડ પરથી મોટા વાહનો માટે વૈકલ્પિક રૂટ જાહેર

અમરેલી,તા.૧૧

અમરેલી શહેરમાં લાઠી રોડ રેલવે ફાટકને નવો બી.જી. ટ્રેક વધારવાના કામ અન્વયે રોડ અને રેલવે લાઈનના ગેજ કન્વર્ઝન કામ માટે રેલવે ફાટક કામચલાઉ બંધ કરવાનું છે, આ કામગીરી આશરે ૪૫ દિવસમાં પૂર્ણ થશે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. અમરેલી-લાઠી રોડ પર રેલવે વિભાગ દ્વારા ફાટકની બાજુમાં ૧૦ ફૂટ પહોળો ડાયવર્ઝન રુટ તૈયાર કરવામાં આવ્યો છે, તેના પરથી ટુ-વ્હીલ, થ્રી-વ્હીલ તથા નાની ફોર વ્હીલ પસાર થઈ શકે તેમ છે. ટ્રાફિકના સુચારું નિયમન માટે અને જાહેર જનતાને અગવડતા ન પડે તે માટે ફોર વ્હીલથી ભારે વાહનોએ વાહનોના ટ્રાફિક ડાયવર્ટ રુટને અનુસરવો. મોટા ભારે વાહનોએ વૈકલ્પિક રુટ ૦૧ લાઠી રોડ બાયપાસ ચોકડીથી અમરેલી શહેરમાં લાઠી રોડ ઉપરથી પસાર થતા મોટા ભારે વાહનોએ વીર હમીરસિંહજી ગોહિલ સર્કલ થઈ નાના માચિયાળા બાયપાસ ચોકડીથી ચિતલ રોડ તરફથી અમરેલી શહેરમાં પસાર થવું. વૈકલ્પિક રુટ ૦૨ સાવરકુંડલા બાયપાસ ચોકડીથી તથા કુંકાવાવ જકાતનાકા બાયપાસ ચોકડીથી અમરેલી શહેરમાં પ્રવેશી લાઠી રોડ ઉપરથી પસાર થતાં મોટા ભારે વાહનોએ સરદાર સર્કલથી ચિતલ રોડ પરથી પસાર થવું. આ જાહેરનામું તા.૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધી અમલી રહેશે.

# રાજુલાના કુંડલીયાળા ગામે આધેડને ધારીયું મારવા દોડ્યાં

**ડુંગરના A.S.I. એમ.કે. પીછડીયાએ વધુ તપાસ હાથ ધરી**

ડુંગર, તા.૧૧

રાજુલાના કુંડલીયાળા ગામે રહેતા એક આધેડને ધારીયું લઈ મારવા દોડીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ સંદર્ભે બાબુભાઈ ભીમાભાઈ નાગોચા (ઉ.વ.૫૧) એ મનીષભાઈ ઉર્ફે છક્કો, દુર્લભભાઈ જીંજાળા, દુલાભાઈ પાચાભાઈ જીંજાળા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમની વાડીએ જવાનો રસ્તો આરોપીની વાડીના શેઢેથી નીકળતો હતો. તેથી દરરોજ તેની વાડીએ જતાં હોવાથી આરોપીને ગમતું નહોતું. જેથી ધારીયું લઈને મારવા દોડ્યા હતા તેમજ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે. પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલમાં માનવ અધિકાર દિવસની ઉજવણી

સાવરકુંડલા, તા.૧૧

શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ.વી. દોશી ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે તા. ૧૦-૧૨-૨૦૨૪ના રોજ માનવ અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે વિદ્યાર્થિનીઓમાં માનવ અધિકારો અંગેની જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.



શાળાના પ્રાર્થના હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં સાવરકુંડલાના જાણીતા એડવોકેટ પાયલબેન ગઢીયાએ વિદ્યાર્થિનીઓને માનવ અધિકારો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે વિદ્યાર્થિનીઓને જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિને કેટલાક મૂળભૂત અધિકારો હોય છે જેમ કે, જીવન જીવવાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર, શિક્ષણ મેળવવાનો અધિકાર વગેરે. તેમણે વિદ્યાર્થિનીઓને આ અધિકારો વિશે જાગૃત રહેવા અને તેમના અધિકારો માટે લડવા પ્રેરિત કર્યા હતા. શાળાના આચાર્ય ઉષાબેન બી. તેરૈયાએ પણ વિદ્યાર્થિનીઓને માનવ અધિકારો અને ભારતીય બંધારણ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના શિક્ષક મેહુલભાઈ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# અમરેલીના નાના ભંડારીયા ગામે પાટોત્સવનું કરાયું આયોજન



અમરેલી, તા.૧૧

અમરેલીના નાના ભંડારીયા ગામે તા.૧૫ને રવિવારના રોજ અંબીકાધામ ખાતે પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાટોત્સવનો લાભ લેવા તેમજ અન્નકૂટના દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવાયું છે.

## અવસાન નોંધ

**કોડીનાર**

સ્વ. નિરૂપભાઈ નાથાલાલ શાહ(ઉ.વ.૫૭)નું તા. ૯/૧૨/૨૦૨૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે અશોકભાઈ શાહ, જયુબેન નાથાલાલ શાહ(વેરાવળ) અને કુસુમબેન ભરતભાઈ શાહ(મુંબઈ)ના નાનાભાઈ તથા નિશીબેનનાં પિતા અને ગીરિશભાઈ નટવરલાલ શાહ (કોડીનાર ટાયર) તથા પંકજભાઈ નટવરલાલ શાહના બનેવી થાય છે. તેમનું બેસણું તા.૧૨ને ગુરુવારના રોજ સાંજના ૪:૦૦ થી ૬:૦૦ કલાકે વિસા સોરઠીયા વાડી કોડીનાર ખાતે રાખેલ છે.

**ચલાલા**

ગં.સ્વ.ચંપાબેન હરીલાલ સોઢા(ઉ.વ.૮૬)નું તા.૭/૧૨/૨૦૨૪ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે સ્વ.હરીલાલ જસરાજભાઈ સોઢાના પત્ની, કાંતીલાલ જસરાજભાઈ સોઢાના ભાભી, ચંદ્રેશભાઈ હરીલાલ સોઢાના માતૃશ્રી તેમજ પિયુષભાઈ, નિલેશભાઈના ભાભુ અને ધાર્મિકના બા થાય છે. તેમનુ બેસણુ તા.૧૨/૧૨/૨૦૨૪ને ગુરુવારના રોજ સાંજના ૪:૦૦થી ૬:૦૦ લોહાણા મહાજન વાડી ચલાલા ખાતે રાખેલ છે.


ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક: 9925084788 8200268079

અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • કેરાટીન • હાઈલાઈટસ • સ્મુથનીંગ • બોટોક્ષ • નેનો પ્લાસ્ટી
• ટેટુઝ • શાઈનર • નેલ આર્ટ • ફેસીયલ વીથ હાઈડ્રા • બ્રાઈડલ મેકઅપ • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

પ્રોફેશનલ ફેમિલી સ્પા હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
એપોઈન્ટમેન્ટ માટે Mo. 70169 65665 Mo. 98242 65665
PROFESSIONAL spa Amreli
અમરેલી બ્રાન્ચ -૧ અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ. Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨ સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, Mo.98242 65665

સંકુલ B.Pharm. & M.Pharm. કોલેજ ચાલુ
નવી Pharm D કોલેજ - મંજુરી પ્રક્રિયા ચાલુ
★ સંકુલ માં GTU & PCI માન્યતા પ્રાપ્ત B.Pharm. & M.Pharm. કોલેજ ચાલુ છે.
★ સંકુલ માં Pharm D નવી કોલેજ ની GTU & PCI માં મંજુરી પ્રક્રિયા ચાલુ છે.
★ Pharm D – ધો. ૧૨ પછી સીધો PG લેવલનો ૬ વર્ષ નો ડોક્ટરેટ કોર્સ છે.
★ ફોરેનમાં તેઓ હોસ્પીટલમાં ફાર્માસીસ્ટ તરીકે વર્ક કરે છે.
★ ભારતમાં તેઓ ઈન્ડસ્ટ્રીઝ માં ક્લીનીકલ ફાર્મા રીચર્સ તરીકે વર્ક કરે છે.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢરોડ, અમરેલી -Ad 082

ઉત્સવ મીની મીલનું ફકત G20 ન અભિન (પલળીયા વગરની) સહપ્રનંદભાઈનું.... આપની નજર સામે જ....
G20 મગફળીનું અને તલનું તેલ ભરી આપીશું.
વડેરા-અમરેલી બન્ને જગ્યાએથી મળશે.
ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ)
સ્થળ: ઉત્સવ મીની મીલ (ઘાણીનું તેલ) અમરેલી રાધેશ્યામ બાયપાસ ચોકડી ઉપર, અમરેલી
Mo. 94269 61006 | 98790 56605 | 99785 14133

શાંત અને રમણીય વાતાવરણ સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

નિત્યા સ્કીન ક્લિનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561
પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# ગજેરા કેમ્પસના ખેલાડીઓનો નેશનલ કક્ષાએ શૂટિંગ ચેમ્પિયનશિપમાં દબદબો યથાવત

અમરેલી, તા.૧૧



અમરેલીમાં શ્રીમતી એસ. એચ.ગજેરા કેમ્પસના સ્કૂલ વિભાગના વિદ્યાર્થીઓએ બિહારમાં નાલંદા ખાતે યોજાયેલી ર૬મી ઓલ ઈન્ડિયા કુમાર સુરેન્દ્રસિંઘ ઈન્ટર સ્કૂલ શૂટિંગ ચેમ્પિયનશિપમાં એર પિસ્તોલ સબ-યુથ મેન અને એર પિસ્તોલ સબ-યુથ વુમન ભાગ લીધો હતો. જેમાં કેમ્પસના વિદ્યાર્થી આકાશ રાજપરાએ ૧૦ મીટર એર પિસ્તોલ સબ-યુથ મેન ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ મેળવેલ અને ૧૦ મીટર એર પિસ્તોલ સબ-યુથ વુમન ટીમ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ સાથે હિરપરા હસ્તી ક્વોલીફાય થઈ હતી. નેશનલ લેવલે આ સિદ્ધિઓ પ્રાપ્ત કરવા બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી દ્વારા ખેલાડીઓને અને કોચ પૂલકિતાબેન નિમ્બાવાલ તેમજ ટ્રેનર સાવનભાઈ દેસાઈને અભિનંદન પાઠવેલ હતા.

# રૂ.૧.૨૦ કરોડના ખર્ચે નવનિર્માણ થનાર ટોડા પ્રા.શાળાના બિલ્ડીંગનું ખાતમુહૂર્ત

**ધારાસભ્ય જનક તળાવીયા, સાંસદ ભરત સુતરીયા હાજર રહ્યાં**

લાઠી, તા.૧૧



અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ટોડા ગામે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત ટોડા પ્રાથમિક શાળા માટે સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અંદાજે ૧ કરોડ ૨૦ લાખના ખર્ચે નવા બિલ્ડીંગનું કામ મંજૂર થયેલ જેમાં ૧૦ રૂમો બનાવવામાં આવશે. આ નવનિર્મિત બિલ્ડીંગથી શાળામાં બાળકોને ડિજિટલ અને ટેકનોલોજી વાળું શિક્ષણ મળી રહેશે. અત્યાધુનિક સુવિધાસભર બિલ્ડીંગનું ખાતમુહૂર્ત લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ ભરતભાઈ સુતરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ટોડા પ્રાથમિક શાળાના આચાર્ય, શાળાના સમગ્ર સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજુલામાં સિ. સમવાય ઔ. બ્રાહ્મણ મહિલા મંડળનું સ્નેહમિલન યોજાયું

રાજુલા, તા.૧૧



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલામાં ૮ ડિસેમ્બરે સાંજે સિ. સમવાય ઔદિચ્ય બ્રાહ્મણ મહિલા મંડળનું સ્નેહમિલન યોજાયું હતું. જેમાં જ્ઞાતિની બહેનો અને બાળકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ત્યારબાદ બહેનોના રાસ-ગરબા યોજાયા હતા. મહિલા મંડળના પ્રમુખ નલીનીબેન જોશીએ બે વર્ષના હિસાબો રજૂ કર્યા હતા. કારોબારી સમિતિના લતાબેન જોશી, માલતીબેન વ્યાસ, જયશ્રીબેન જોશી, વર્ષાબેન જોષી, કલ્પનાબેન પંડિત વગેરેએ આ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ પૂર્ણ થયા પછી સહુએ સાથે ભોજન લીધું હતું.

# યુગનિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટમાં વાલી દિવસની ઉજવણી

ચલાલા, તા.૧૧



ચલાલા યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ-ચલાલા સંચાલિત હરિબા મહિલા કોલેજ, ગાયત્રી સંસ્કૃત શક્તિ ગુરુકુળ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલયમાં વાલી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ સાથે સાથે કરાટે, ધનુર્વિદ્યા, સ્કેટિંગ, ઘોડેસવારી, રાઈફલ શૂટિંગ જેવી અનેક પ્રવૃત્તિઓ પણ બાળકોને કરાવવામાં આવે છે. બાળકોએ પોતાની શાળા અને શિક્ષકો વિશે સારી વાતો કરી જણાવ્યું કે શાળામાં દર અઠવાડિયે ટેસ્ટ લેવામાં આવે છે અને નબળા વિષયો પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. ડો. રતિદાદાએ આ પ્રસંગે બાળકો અને વાલીઓને આશીર્વાદ આપ્યા હતા. શાળાના ડાયરેક્ટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતાએ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ખૂબ જ મહેનત કરી હતી.

# કડીયાળી ગામે ગાળો બોલવાની ના પાડતાં યુવકને ફટકારી ખિસ્સામાંથી ૨૦૦૦ કાઢી લીધા

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

રાજુલા, તા.૧૧

રાજુલાના કડીયાળી ગામે રહેતો એક યુવક જમવા બેઠો હતો ત્યારે તેણે આરોપીને ગાળો બોલવાની ના પાડતાં મુંઢમાર મારીને ખિસ્સામાંથી ૨૦૦૦ કાઢી લીધા હતા. બનાવ સંદર્ભે ધીરુભાઈ ઉર્ફે મુકેશ બાવભાઈ ખુમાણ (ઉ.વ.૩૦)એ સામતભાઈ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા આરોપી જમવા બેઠા ત્યારે આરોપી અપશબ્દો બોલતો હોવાથી તેને ગાળો બોલવાની ના પાડતાં ઉશ્કેરાઈ ગયો હતો. તેણે મુંઢમાર મારી, ઈજા પહોંચાડી, ખિસ્સામાંથી મજૂરીના ૨૦૦૦ રૂપિયા કાઢી લીધા હતા. તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.આર. છોવાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરા તાલુકાના બાલાપુર ગામની પરિણીતાને ગોંડલમાં પતિએ જાનથી મારવાની ધમકી આપી

**સોનાના દાગીનાની માંગ કરી ઢીકાપાટુ પણ માર્યા**

બગસરા, તા.૧૧

બગસરાના બાલાપુર ગામે રહેતી એક યુવતી લગ્ન બાદ અંકલેશ્વર મુકામે સાસરિયામાં રહેતી હતી. જ્યાં પતિ તથા સાસરિયાએ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેને લઈ દર્શનાબેન ગોપાલભાઈ પુરોહીત (ઉ.વ.૩૨) એ ગોપાલભાઈ રસીકભાઈ પુરોહીત, નયનાબેન રસીકભાઈ પુરોહીત, રસીકભાઈ વિઠ્ઠલભાઈ પુરોહીત, નિરાલીબેન રસીકભાઈ પુરોહીત સામે ફરિયાદ નોધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના લગ્ન ૨૦૧૬માં ગોપાલભાઈ પુરોહીત સાથે થયા હતા. થોડો સમય તેમને સાસરિયામાં સારી રીતે રાખ્યા બાદ કરિયાવર બાબતે તથા ખોટી શંકા કરી મેણાટોણા બોલી શારીરિક તથા માનસિક દુઃખ-ત્રાસ આપી અવારનવાર તેમની પાસે સોનાના દાગીનાની માંગણી કરી હતી. પતિએ ગાળો આપી તથા શરીરે ઢીકાપાટુનો મુંઢમાર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.ટી. બળસટીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ચલાલાની પરિણીતા પર પતિએ ખોટી શંકા કરી, સાસરિયાએ ત્રાસ ગુજાર્યો

ચલાલા, તા.૧૧

ચલાલામાં રહેતી એક યુવતીના લગ્ન રાજકોટના યુવક સાથે થયા હતા. લગ્ન બાદ પતિએ શંકા રાખી સિતમ ગુજારવાનું શરૂ કર્યુ હતું અને સાસરિયાએ પણ ત્રાસ આપ્યો હતો. સાસરિયાના સિતમથી કંટાળી પરિણીતા પિયર પરત ફરી હતી અને ફરિયાદ નોંધાવી હતી. ધારાબેન રાજેશભાઈ દેવમુરારી (ઉ.વ.૨૧)એ રાજકોટના ખેરડી ગામે રહેતા પતિ પાર્થભાઈ ભરતભાઈ કુબાવત, ભરતભાઈ કનકરાય કુબાવત, શોભનાબેન ભરતભાઈ કુબાવત, મિલનભાઈ ભરતભાઈ કુબાવત તથા દિપુબેન સંદિપભાઈ દેવમુરારી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, પતિએ ખોટી શંકાઓ કરી મારકૂટ કરી હતી. અન્ય આરોપીએ ગાલ ઉપર ચાર-પાંચ ધોલ-ધપાટ મારી હતી. તેમજ ઢસડીને ઘરમાં પુરી દઈ માનસિક-શારીરિક ત્રાસ આપ્યો હતો. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રાઘભાઈ અરજણભાઈ સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં કોર્ટ કેસમાં સજાના ડરથી યુવકે ગળાફાંસો ખાધો

અમરેલી, તા.૧૧

અમરેલી શહેરમાં એક યુવક કોર્ટ કેસમાં સજાના ડરથી ગળાફાંસો ખાતાં મરણ પામ્યો હતો. બનાવ અંગે રણછોડભાઈ નારણભાઈ ભાટી (વણઝારા, ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, વનરાજભાઈ બાબુભાઈ ધાધલ (ઉ.વ.૨૯) ચારેક વર્ષ પહેલા ખૂનના ગુનામાં આરોપી તરીકે હતો અને હાલ અમરેલી નામદાર કોર્ટમાં કેસ ચાલુ હોવાથી પોતાને સજા પડશે તેવો ડર રહેતો હતો. જેથી સજા પડવાની બીક (ભય)થી ટેન્શનમાં આવી જઈ પોતે પોતાની મેળે જાતે ઘરની છતની આડી સાથે ગળાફાંસો ખાઈ લેતા મરણ પામ્યા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી.વી. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૧૨-૧૨-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૭:૦૪, સૂર્યાસ્ત-૦૫:૨૫, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: અશ્વિની

## દૈનિક રાશિફળ

તા.૧૨-૧૨-૨૦૨૪ ગુરૂવાર

મેષ: પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજન અંગે ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગ માટેની હોય.

વૃષભ: આજે પ્રયાસ બાદ તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ મુક્તિ મળશે.

મિથુન: આજે તમને દિવસ દરમિયાન સારા સમાચાર મળશે. મિત્રો સાથે રમૂજ વધશે. બિનજરૂરી મુશ્કેલીઓથી દૂર રહો. ધાર્મિક સ્થળોની મુસાફરીનો યોગ છે.

કર્ક: આજનો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થઈ જશે. તમે પણ તમારી સિદ્ધિઓ જોઈ શકો છો.

સિંહ: આજે કોઈપણ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનનો લાભ આજે મળી શકે છે. જો તમારા પૈસા ઘણાં સમયથી અટક્યા છે તો આજે તમે તે મેળવી શકો છો.

કન્યા: આજે ઉચ્ચ અધિકારીઓની નિકટતાનો લાભ મળવાની તક મળશે. આધ્યાત્મિકતા અને ધાર્મિક કાર્યમાં પણ રુચિ વધશે.

તુલા: આજનો દિવસ બહેન અને ભાઈની ચિંતામાં વિતાવશો. કદાચ આજે તમે તેમની કારકિર્દી અથવા વ્યક્તિગત જીવનને સેટ કરવા માટે ટેન્શનમાં છો.


વૃશ્ચિક: આજે પરિવારમાં સારા સમાચાર મળશે. પરંતુ કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં આવતી સમસ્યાઓ તમારા પર ભારે ના થવા દો. તે તમારા સ્વાસ્થ્ય માટે સારું રહેશે નહીં.

ધન: આજે ધંધાને લઈને ખાસ ચિંતિત રહેશે. પરંતુ ધ્યાનમાં રાખો કે અસ્વસ્થ થવાની જગ્યાએ તમે વ્યવસાયની સમસ્યા ઉકેલવાનો કોઈ માર્ગ શોધો.

મકર: આજે અભ્યાસ અને અધ્યાત્મમાં રુચિ વધવાની સંભાવના છે. વિવાદપૂર્ણ બાબતોનો અંત આવશે. આજે કોઈને ઉધાર આપવાનું ટાળો.

કુંભ: આજે કોઈ કારણોસર ચિંતિત અને પરેશાન રહેશો. આજે સામાજિક અને વ્યાવસાયિક ક્ષેત્રમાં વિરોધીઓની ભીડ તમારી સામે આવી શકે છે.

મીન: આજે તમારે કોઈ વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. પરંતુ તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. તમારું કાર્ય ઉત્સાહથી પૂર્ણ કરો.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail: kanpariyavipul4025@gmail.com

નિકુંજભાઈ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
મહાદેવ મોટર્સ
MARUTI SUZUKI | TATA | Mahindra | HYUNDAI | TOYOTA

દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિંગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી

અરોમા પ્રિમીયમ બોડી સ્પા
ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA

લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનિટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

**તંત્રી લેખ**

# ગુજરાત રાજ્યમાં કાતિલ ઠંડીનો પ્રારંભ

ગુજરાત ભરમાં કાતિલ ઠંડીની શરૂઆત થઈ ચૂકી છે. હિમાલય વિસ્તારમાં મોટા પ્રમાણમાં હિમ પ્રપાત થતા ઉત્તર ભારત તથા પશ્ચિમ ભારત, રાજસ્થાન, ગુજરાતમાં શીત લહેર વ્યાપી ગઈ છે. ગુજરાતનું હવામાન મોટે ભાગે ઉષ્ણકટિબંધીય રણ પ્રકારનું હોય છે. ઉનાળામાં અતિશય ગરમી અને શિયાળામાં ઠંડી હોય છે. મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં શિયાળામાં ઠંડીનું પ્રમાણ વધુ હોય છે. મે મહિનો ગુજરાતમાં સૌથી ગરમ મહિનો હોય છે. તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે.

શિયાળાનો પ્રારંભ સામાન્ય રીતે દિવાળી પછી થઈ જતો હોય છે. ડિસેમ્બર અને જાન્યુઆરી મહિનામાં ગુજરાતમાં સૌથી વધુ ઠંડી હોય છે. તાપમાન ૫ ડિગ્રી સેલ્સિયસ સુધી નીચે જઈ શકે છે. સમગ્ર રાજ્યમાં ૧૭ થી વધુ શહેરોનું લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે પહોંચી ગયું છે. સમગ્ર રાજ્યમાં કાતિલ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ૧૭ થી વધુ શહેરોનું લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે નોંધાયુ છે. માત્ર ૨૪ કલાકમાં નલિયાનો પારો ૩.૨ ડિગ્રી ગગડ્યો છે. નલિયામાં લઘુત્તમ તાપમાન ૭.૬ ડિગ્રી, મહુવામાં ૯.૧ ડિગ્રી, ડીસામાં ૧૦.૬ ડિગ્રી નોંધાયુ છે. શહેરોના મહત્તમ તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. કચ્છ, ભાવનગરમાં આજે કોલ્ડવેવની આગાહી છે.

ઉત્તરાખંડ-હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા થઈ રહી છે. પ્રવાસન સ્થળો પર પ્રવાસીઓનો ભારે ધસારો છે. તો હિમવર્ષાને પગલે ઉત્તર ભારતમાં શીત લહેર ફરી વળી છે. રાજ્યમાં ઠંડીનું જોર વધ્યું છે. નલિયામાં એકાએક પારો ૩થી વધુ ડિગ્રી ગગડ્યો છે. તો વડોદરામાં પણ ૭.૫ ડિગ્રીમાં લોકો ઠુંઠવાયા હતા. ગુજરાતમાં શીત લહેર એક સામાન્ય ઘટના નથી. ગુજરાતનું હવામાન મોટે ભાગે ઉષ્ણકટિબંધીય રણ પ્રકારનું હોય છે. જો કે, કેટલીક વખત શિયાળામાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં તાપમાન ઓછું જાય છે અને શીત લહેરની સ્થિતિ ઉભી થાય છે. શીત લહેર એ એક હવામાની ઘટના છે જેમાં લાંબા સમય સુધી તાપમાન સામાન્ય કરતા ઘણું ઓછું રહે છે. આના કારણે લોકોને ઠંડી લાગે છે અને કેટલીકવાર સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓ પણ થઈ શકે છે. શિયાળામાં પશ્ચિમી વિક્ષોભ આવવાથી ઉત્તર ભારતમાં ઠંડી વધે છે અને તેની અસર ગુજરાતના ઉત્તર ભાગ પર પણ થાય છે. શિયાળામાં ઉત્તર દિશાથી ઠંડા પવનો ફૂંકાય છે જેના કારણે તાપમાન ઓછું થાય છે. ધુમ્મસના કારણે સૂર્યપ્રકાશ ઓછો મળે છે અને તાપમાન ઓછું રહે છે. શીત લહેરના કારણે શ્વાસની તકલીફ, દાઝ, હૃદય રોગના દર્દીઓ માટે જોખમ વધી શકે છે. આગામી દિવસોમાં ગુજરાત ભરમાં ઠંડીનું પ્રમાણ વધતું જશે. દર વર્ષ કરતાં આ વર્ષે કાતિલ ઠંડી પડશે તેવી આગાહી ગુજરાતના એક હવામાન નિષ્ણાતે કરી છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ૨ વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના



બે વર્ષ પહેલાં– ડિસેમ્બર ૨૦૨૨માં ગુજરાતમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં ૧૫૬ બેઠકો સાથે ઐતિહાસિક જનાદેશ જનતાએ આપ્યો. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ડબલ એન્જિન સરકારના લોકાભિમુખ શાસનને રાજ્યની જનતાએ વધાવી લીધું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સુશાસનના વારસાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સફળતાપૂર્વક આગળ ધપાવ્યો. અમૃતકાળના પ્રારંભના બે વર્ષોમાં ભૂપેન્દ્રભાઈએ જન-સામાન્યના હિતમાં ઝડપથી અનેક નિર્ણયો લીધા અને આ બે વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના બની રહ્યાં છે. બે વર્ષમાં "ટીમ ગુજરાત"ના સહિયારા પ્રયાસોથી દેશ-દુનિયાના વ્યાપક ફલક પર ગુજરાત ઝળહળતું રહ્યું. ભૂપેન્દ્રભાઈના નેતૃત્વમાં ગુજરાતે G-૨૦ બેઠક અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવી વૈશ્વિક કોન્ફરન્સનું સફળતાપૂર્વક આયોજન કર્યું. ભૂપેન્દ્રભાઈના કાર્યકાળમાં ગુજરાતની ઔદ્યોગિક આગેકૂચ જારી રહી. વિશ્વની ટોચની કંપનીઓએ ગુજરાતમાં મૂડીરોકાણ માટેની પ્રતિબદ્ધતા દર્શાવી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અપનાવેલા પોલિસી ડ્રીવન ગ્રોથને આગળ વધારતા છેલ્લા ૨ વર્ષમાં સરકારે અનેક મહત્વપૂર્ણ પોલિસીઝ જાહેર કરી. જેના પરિણામે ગુજરાત વિદેશી મૂડી રોકાણ આકર્ષવામાં દેશમાં અગ્રેસર રહ્યું છે. તેથી જ ભારતમાં સેમિકંડક્ટર ક્ષેત્રે વૈશ્વિક કંપનીઓના રોકાણના કેન્દ્રમાં ગુજરાત રહ્યું. વડાપ્રધાનના 'વિકસિત ભારત @૨૦૪૭'ના વિઝનને સાકાર કરવા 'ટીમ ગુજરાત' મુખ્યમંત્રીના નેતૃત્વ હેઠળ અહર્નિશ પ્રયાસ કરી રહી છે. **૨ વર્ષ દરમિયાન જાહેર થયેલી મહત્વપૂર્ણ નીતિઓ** : ૧.ખરીદ નીતિ -૨૦૨૪, ૨.ગુજરાત ટેક્સટાઈલ પોલિસી-૨૦૨૪, ૩.કુટીર અને ગ્રામોદ્યોગ પોલિસી-૨૦૨૪, **પોલિસી સુશાસનની સિદ્ધિઓ** : ● ગુજરાતની જનતા માટે ગૌરવવંતુ ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત એમ પ્રધાન મંત્રી સાથે સર્વગ્રાહી દિશાદર્શન કરતું ૩ લાખ ૩૨ હજાર કરોડનું માતબર બજેટ. **આદિવાસીઓ અને શ્રમિકોનો વિકાસ** : ● આગામી ત્રણ વર્ષમાં રૂ.૧૫૦૦ કરોડના ખર્ચે ૩લાખ જેટલા શ્રમિક બસેરાના નિર્માણનું આયોજન, શ્રમયોગીઓની નોંધણી ● શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ રાજ્યના ૧૯ જિલ્લાઓમાં ૨૯૦ ભોજન વિતરણ કેન્દ્રો કાર્યરત **યુવા વિકાસ – સફળ યુવા, સમર્થ ગુજરાત** : ● ભારત સરકારના સ્ટાર્ટઅપ રેન્કિંગમાં છેલ્લા ચાર વર્ષથી દેશમાં ગુજરાત પ્રથમ ● "કૌશલ્ય-ધ સ્કિલ યુનિવર્સિટી" દ્વારા જાન્યુઆરી ૨૦૨૪થી ડ્રોન એપ્લીકેશનમાં ૯ અદ્યતન કોર્સ શરૂ ● "કૌશલ્ય- ધ સ્કિલ યુનિવર્સિટી" - રિમોટ પાઈલટ ટ્રેનિંગ ઓર્ગેનાઈઝેશન લાઈસન્સ મેળવનાર રાજ્યની પ્રથમ યુનિવર્સિટી **અન્નદાતાનું માન, અન્નદાતાનું ધ્યાન** : ● કિસાન સૂર્યોદય યોજના હેઠળ રાજ્યના ૧૨,૭૧૩ એટલે કે ૭૪% ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી પ્રદાન કરવામાં આવી. **સીધી જમા નારી સશક્તિકરણ (સશક્ત નારી, સશક્ત પરિવાર)** : ● વર્ષ ૨૦૨૩માં સૌપ્રથમવાર જેન્ડર બજેટ ૧ લાખ કરોડને પાર, ૨૦૦થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી ● વર્ષ ૨૦૨૪-૨૫માં જેન્ડર બજેટમાં મહિલા સશક્તિકરણની કુલ ૮૦ યોજનાઓ આવરી લેવામાં આવી ● 'નમો ડ્રોન દીદી યોજના' હેઠળ ગુજરાતમાં મહિલાઓને ખેતીમાં નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ડ્રોન દ્વારા ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરવાની તાલીમ. **સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાત** : ● પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના-મુખ્યમંત્રી અમૃતમ (PMJAY-MA) હેઠળ ગુજરાતના નાગરિકોને મળતી આરોગ્ય સુવિધા.

**શિક્ષિત ગુજરાત, સંપન્ન ગુજરાત** : ● મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત ૮૭૪.૬૮ કરોડના ખર્ચે ૯૭,૧૮૭ સ્માર્ટ ક્લાસરૂમ્સ તથા ૧,૪૩૨.૪૦ કરોડના ખર્ચે ૨૧,૦૩૭ કોમ્પ્યુટર લેબ્સ કાર્યરત ● "શાળા પ્રવેશોત્સવ- ૨૦૨૪ અંતર્ગત ૩,૪૨,૨૦૪ વિદ્યાર્થીઓનો ધોરણ-૧માં અને ૪,૬૧,૭૩૭ વિદ્યાર્થીઓનો બાલવાટિકામાં પ્રવેશ ● રાજ્યની દીકરીઓ વધુ ભણે અને આગળ વધે તે માટે શરૂ કરાયેલી 'નમો લક્ષ્મી' યોજના દ્વારા લગભગ ૧૦ લાખ વિદ્યાર્થિનીઓને રૂ.૧૩૮ કરોડથી વધુની સહાય ચૂકવાઈ.


**ઔદ્યોગિક ક્ષેત્રે ગતિશીલ ગુજરાત** : ● વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નું ૧૦મું સંસ્કરણ સફળતાપૂર્વક સંપન્ન. **નાગરિકો માટે ઉત્તમ પરિવહન સેવા** : ● ૩૨ સ્થળો ખાતે રૂ. ૯૪.૬૫ કરોડના ખર્ચે નવા બસ સ્ટેશનો અને પીપીપી ધોરણે ૩ સ્થળોએ રૂ.૬૬.૩૨ કરોડના ખર્ચે એરપોર્ટ જેવી સુવિધા ધરાવતા બસ પોર્ટનું લોકાર્પણ. **મહેસૂલ વિભાગ** : ● જમીનની ખેતીથી ખેતી અને ખેતીથી બિનખેતીના હેતુફેરની કામગીરી અંગે બોનાફાઈડ પરચેઝરના કિસ્સામાં જમીન વેલ્યુએશન આધારે પ્રીમિયમ વસુલાતની મંજૂરીની સત્તા સોંપણીમાં ફેરફાર. **અર્નિંગ વેલ, લિવિંગ વેલ (શહેરી વિકાસ અને ગ્રામ્ય વિકાસ)** : ● વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અમદાવાદ મેટ્રો ફેઝ -૨નું લોકાર્પણ, હવે અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે મુસાફરી બની વધુ સરળ. **સુરત મેટ્રો પ્રોજેક્ટની કામગીરી પ્રગતિ હેઠળ પ્રવાસન અને યાત્રાધામોનો વિકાસ** : ● રાજ્યમાં પહેલી વખત ગિફ્ટ સિટી ખાતે "ફિલ્મ ફેર એવોર્ડ"નું આયોજન ● સુજલામ્-સુફલામ્ જળ અભિયાનના સાતમા તબક્કામાં આપણી જળસંગ્રહ ક્ષમતામાં ૧૧,૫૨૩ લાખ ઘનફૂટનો વધારો. **વિશ્વ કક્ષાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર** : ● રાજકોટ ખાતે હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ. **શાંત અને સુરક્ષિત ગુજરાત** : ● ભ્રષ્ટ અને ગુનાહિત પ્રવૃત્તિઓ દ્વારા મેળવેલી સંપત્તિઓને જપ્ત કરવા માટે ગુજરાત સ્પેશિયલ કોર્ટ્સ એક્ટ, ૨૦૨૪ અમલી. **અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ** : ● વાજબી ભાવની દુકાનોનું આધુનિકીકરણ- જેમાં રાજ્યની ૧૭,૦૦૦થી વધુ વાજબી ભાવની દુકાનો ખાતેથી ઈ-એફપીએસ પોર્ટલ મારફતે વિતરણ. **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ** : ● ડિજિટલ સેવાસેતુ હેઠળ લાગુ ૩૨૦થી વધુ સેવાઓમાં ૧૪,૦૦૦ ગ્રામ પંચાયતોને આવરી લેવાઈ. **સ્વચ્છ ગુજરાત, હરિત ગુજરાત (વન અને પર્યાવરણ, ક્લાઇમેટ ચેન્જ)** : ● છેલ્લા ૨ વર્ષો દરમિયાન MISHTI (મેન્ગ્રુવ ઈનિશિયેટિવ ફોર શોરલાઈન હેબિટાટ એન્ડ ટેન્જિબલ ઈન્કમ) યોજના હેઠળ ૧૮,૮૬૦ હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રુવનું વાવેતર. **અન્ય** : ● ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રી નરસિંહ મહેતા અને સંત સાહિત્ય પર સંશોધન થાય તે માટે ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ ખાતે 'નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્ર'ની સ્થાપના.

**ગુજરાતને મળ્યા એવોર્ડ્સ – મારું ગુજરાત, શ્રેષ્ઠ ગુજરાત** : ● 'એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જ સ્ટેટીસ્ટીક્સ–૨૦૨૩' અનુસાર રોજગારવાંચ્છુ યુવાધનને રોજગારી પૂરી પાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૮૬ | ૬૧૩ |
| ઘઉં ટુકડા | ૫૯૬ | ૬૫૪ |
| જુવાર સફેદ | ૬૫૦ | ૭૯૩ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૧૫ | ૫૫૫ |
| તુવેર | ૧૫૭૫ | ૨૨૯૨ |
| ચણા પીળા | ૧૦૪૦ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૪૦૦ |
| અડદ | ૧૩૭૦ | ૧૭૦૯ |
| મગ | ૧૧૦૦ | ૧૭૪૪ |
| વાલ દેશી | ૯૩૦ | ૧૩૦૬ |
| ચોળી | ૧૩૦૦ | ૩૧૫૦ |
| મઠ | ૭૩૦ | ૧૦૭૪ |
| કળથી | ૯૮૦ | ૧૧૫૨ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૮૮૦ | ૧૨૬૫ |
| તલી | ૨૧૨૫ | ૨૬૯૦ |
| સુરજમુખી | ૧૦૧૭ | ૧૦૧૭ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૧૯ |
| અજમો | ૧૬૫૦ | ૧૮૫૦ |
| સુવા | ૮૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૨૬ |
| સીંગફાડા | ૧૦૧૦ | ૧૨૬૫ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૩૭૫ |
| લસણ | ૩૮૦૦ | ૪૯૫૦ |
| ધાણા | ૧૩૭૦ | ૧૫૨૮ |
| મરચા સુકા | ૧૨૮૦ | ૨૬૬૦ |
| ધાણી | ૧૪૧૦ | ૧૫૭૧ |
| વરીયાળી | ૧૦૪૦ | ૧૪૭૫ |
| જીરૂ | ૪૧૫૦ | ૪૬૧૦ |
| મેથી | ૧૦૪૦ | ૧૨૯૫ |
| ઇસબગુલ | ૨૦૫૦ | ૨૦૫૦ |
| કલોંજી | ૩૫૦૦ | ૩૯૬૦ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૪૮ |
| રજકાનું બી | ૪૦૦૦ | ૫૦૦૦ |
| ગુવારનું બી | ૮૩૦ | ૯૩૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૨૦૦ | ૬૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૫ | ૭૫૦ |
| ટમેટા | ૪૦૦ | ૭૦૦ |
| સુરણ | ૭૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૮૦ | ૧૬૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| ફલાવર | ૧૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| ચોળાસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| વાલોળ | ૨૪૦ | ૪૪૦ |
| ટીંડોરા | ૨૦૦ | ૫૦૦ |
| દુધી | ૭૦ | ૧૬૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| સરગવો | ૬૦૦ | ૨૪૫૦ |
| તુરીયા | ૫૫૦ | ૮૦૦ |
| પરવર | ૫૦૦ | ૭૫૦ |
| કાકડી | ૬૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૪૦ | ૪૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૫૦ |
| તુવેરસીંગ | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૫૦ |
| મેથી | ૨૨૦ | ૩૩૦ |
| વાલ | ૪૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૨૫૦ | ૬૫૦ |
| મરચા લીલા | ૨૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૪૦૦ | ૭૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૨૮૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૧૫૦ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૨૧૦ |
| શિંગદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૫૨૫ | ૨૯૩૦ |
| તલ કાળા | ૨૭૦૦ | ૪૫૯૫ |
| તલ કાશ્મીરી | ૩૨૦૦ | ૩૨૯૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૬૬ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૬૨૬ |
| જુવાર | ૫૪૦ | ૯૫૫ |
| એરંડા | ૧૧૫૫ | ૧૨૦૮ |
| ચણા | ૭૧૦ | ૧૩૦૦ |
| કપાસ | ૯૦૮ | ૧૪૬૦ |
| જીરું | ૧૮૨૫ | ૪૫૦૦ |
| ધાણા | ૧૨૧૫ | ૧૩૩૫ |
| સોયાબીન | ૬૪૦ | ૮૪૫ |
| મરચા લાંબા | ૫૬૦ | ૨૬૧૦ |
| ગીરનાર શીંગ | ૧૦૫૫ | ૧૧૭૨ |
| ગીરનાર મઠડી | ૮૫૦ | ૧૧૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૫૦૦ | ૬૦૦ |
| રીંગણાં | ૩૦૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૦૦ | ૨૫૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૦૦ |
| ટામેટા | ૬૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ગાજર | ૫૫૦ | ૭૪૦ |
| દૂધી | ૧૦૦ | ૨૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૪૦ | ૮૦૦ |
| કાકડી | ૩૦૦ | ૬૪૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૫૨૦ |
| આદુ | ૭૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૪૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૫૦ |
| ટીંડોરા | ૬૨૦ | ૮૪૦ |
| બીટ | ૮૪૦ | ૧૧૦૦ |
| લીમડો મીઠો | ૨૭૦ | ૨૯૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૪૦૦ | ૬૦૦ |
| પાલક | ૪૦૦ | ૬૦૦ |
| વાલ | ૭૭૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૪૦ | ૪૫૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૫૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૮૫૦ |
| લસણ લીલું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| સરગવો | ૧૨૦૦ | ૧૮૨૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૫૧ | ૧૪૬૧ |
| ઘઉં લોકવન | ૫૭૨ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૫૪૪ | ૬૮૮ |
| સિંગ ફાડીયા | ૭૮૧ | ૧૨૨૧ |
| એરંડા / એરંડી | ૧૧૧૧ | ૧૨૧૬ |
| તલકાળા | ૩૦૦૧ | ૪૩૦૧ |
| જીરૂ | ૩૮૫૧ | ૪૭૧૧ |
| વરીયાળી | ૮૫૧ | ૧૨૨૧ |
| ધાણા | ૮૦૦ | ૧૫૬૧ |
| અડદ | ૮૯૧ | ૧૭૩૧ |
| તુવેર | ૫૦૦ | ૧૫૩૧ |
| મેથી | ૪૪૧ | ૧૦૦૧ |
| સુરજમુખી | ૪૪૧ | ૯૩૧ |
| સફેદ ચણા | ૧૨૩૬ | ૨૨૬૧ |
| તલ-તલી | ૧૭૫૦ | ૨૫૧૧ |
| ઈસબગુલ | ૨૩૬૧ | ૨૩૬૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૮૦૧ |
| ડુંગળીસફેદ | ૧૯૧ | ૫૪૬ |
| બાજરો | ૪૭૧ | ૫૬૧ |
| જુવાર | ૫૨૧ | ૭૮૧ |
| મકાઈ | ૩૯૧ | ૩૯૧ |
| મગ | ૮૨૧ | ૧૭૩૧ |
| ચણા | ૧૦૬૧ | ૧૨૫૬ |
| વાલ | ૪૨૧ | ૧૨૭૧ |
| ચોળા/ચોળી | ૧૭૨૧ | ૨૧૮૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૯૧ |
| ગોગળી | ૬૦૧ | ૯૦૦ |
| વટાણા | ૬૬૧ | ૬૧૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૨૧૨ |
| શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૭૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૫૯૪ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૪૦૦ |
| કપાસ | ૧૩૫૧ | ૧૪૭૦ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૩૩ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૩૧ |
| ચણા | ૯૮૫ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૯૦ | ૭૭૪ |
| ધાણા | ૧૨૦ | ૧૪૫૧ |
| અડદ | ૯૫૧ | ૧૬૧૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ઘઉં | ૫૦૦ | ૫૮૬ |
| ચણા | ૯૦૧ | ૧૨૧૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૫૦૧ |
| શિંગફાડા | ૯૦૧ | ૧૧૦૬ |
| તલ સફેદ | ૧૨૫૧ | ૨૧૭૬ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૩૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૬ |
| સોયાબીન | ૬૫૧ | ૮૪૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જીરૂ૦ | ૧૦૦૦ | ૧૧૨૬ |
| મગફળી ૩૨નં | ૯૩૫ | ૧૦૫૧ |
| બાજરી | ૫૨૫ | ૫૮૫ |
| ઘઉં | ૫૭૦ | ૬૫૧ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૩૪૮ |
| કાળા તલ | ૩૩૦૦ | ૪૦૯૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૯ |
| જુવાર | ૬૦૦ | ૭૫૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૧૮ |
| રજકો | ૩૫૦૦ | ૪૬૨૫ |
| કપાસ | ૧૪૦૦ | ૧૪૬૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૨૦ | ૧૪૯૨ |
| કપાસ મીડીયમ | ૧૧૫૦ | ૧૩૪૦ |
| મગફળી | ૧૦૮૯ | ૧૧૫૧ |
| મગફળી બીટી | ૯૧૫ | ૧૦૪૫ |
| અડદ | ૧૨૪૫ | ૧૪૧૫ |
| ઘઉં | ૫૦૧ | ૬૧૯ |
| તલ | ૨૦૩૦ | ૨૨૪૦ |
| જીરૂ | ૩૯૨૦ | ૪૪૮૦ |
| સોયાબીન | ૭૭૬ | ૮૦૪ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૬૮ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૫૫૪ | ૬૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૨૦ |
| સોયાબીન | ૫૦૧ | ૭૯૨ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૨૧૬ |
| મગફળી | ૭૬૦ | ૧૦૭૫ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૫૦ |
| શીંગદાણા | ૧૧૧૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૪૫૫ | ૨૩૩૦ |
| ધાણા | ૧૦૧૦ | ૧૩૨૫ |
| મગ | ૧૪૬૫ | ૧૪૬૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૧૦૬૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૧૫૧ |
| કપાસ | ૧૩૦૦ | ૧૪૪૦ |
| બાજરો | ૪૬૦ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૨૫ |
| જુવાર | ૫૪૦ | ૭૭૫ |
| મગ | ૧૬૦૧ | ૨૨૨૦ |
| અડદ | ૯૪૫ | ૧૮૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૫૬ | ૭૯૫ |
| જીરૂ | ૩૯૦૧ | ૩૯૦૧ |
| મકાઈ | ૪૮૦ | ૧૮૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૧૧ | ૧૪૬૮ |
| મગફળી | ૯૪૮ | ૧૧૦૯ |
| તલસફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૭૮૬ | ૭૯૯ |
| તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ઘઉં | ૬૦૧ | ૬૦૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૨૭૫ | ૧૪૫૨ |
| મગફળી | ૭૯૯ | ૧૧૬૦ |
| ઘઉં | ૫૪૦ | ૫૮૩ |
| ચણા | ૧૦૦૫ | ૧૨૬૦ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૫ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |
| દેશી ચણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| છોલે ચણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૦૫ |
| બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ઘઉં | ૫૨૫ | ૬૧૫ |
| અડદ | ૮૫૦ | ૧૬૦૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૪૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૯૮ |
| લસણ | ૩૦૦૦ | ૫૫૯૦ |
| જીરૂ | ૩૧૦૦ | ૪૬૨૫ |
| અજમો | ૧૮૦૦ | ૨૬૦૦ |
| ધાણા | ૫૦૦ | ૧૧૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૯૩૦ |
| મરચા સૂકા | ૫૩૦ | ૬૫૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૨૫ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૨૫ | ૧૩૬૨ |
| શીંગ ૩૨ | ૯૨૫ | ૧૦૩૫ |
| શીંગ ૩૯ | ૯૩૦ | ૧૧૨૪ |
| શીંગ જી-૨૦ | ૧૦૫૦ | ૧૧૯૪ |
| જુવાર | ૩૪૧ | ૯૩૭ |
| બાજરી | ૪૩૭ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૫૫૨ | ૬૮૦ |
| મકાઈ | ૩૯૫ | ૫૫૫ |
| અડદ | ૫૦૦ | ૨૧૦૧ |
| મગ | ૮૧૦ | ૧૬૫૦ |
| મગદેશી | ૧૩૭૦ | ૨૭૫૨ |
| સોયાબીન | ૭૯૦ | ૮૧૯ |
| ચણા | ૧૧૨૬ | ૧૧૬૩ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૪૬૧ |
| લસણ | ૭૨૧૦ | ૭૨૧૦ |
| જીરૂ | ૭૦૨ | ૪૪૭૫ |
| ડુંગળી લાલ | ૨૦૦ | ૮૧૧ |
| ડુંગળી સફેદ | ૨૨૩ | ૮૨૧ |
| કપાસ શંકર | ૧૩૫૪ | ૧૪૩૮ |
| નાળીયેર | ૪૯૦ | ૨૭૭૧ |
| **જૂનાગઢ** | | |
| ઘઉં | ૫૨૦ | ૬૨૩ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૬૮ |
| ચણા સફેદ | ૧૨૦૦ | ૨૦૯૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૨૧ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૮૨ |
| મગફળી જીણી | ૮૨૦ | ૧૦૪૫ |
| મગફળી જાડી | ૮૧૦ | ૧૧૭૦ |
| શીંગફાડા | ૮૦૦ | ૧૨૧૫ |
| તલ | ૨૦૦૦ | ૨૫૨૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૭૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૯૦ |
| મગ | ૧૪૦૦ | ૧૮૬૩ |
| શીંગદાણા જાડા | ૧૪૫૨ | ૧૪૫૨ |
| સોયાબીન | ૭૦૦ | ૯૦૯ |

## શબ્દ સંજોગ-૧૯૧૪



**આડી ચાવી :**
(૧) ....રાજ્ય સ્થાપના દિન (૪)
(૪) મોટું, કદાવર (૩)
(૭) નજર, યાદદાસ્ત (૩)
(૯) શુભ-માંગલિક પ્રસંગે વપરાતો દીવો (૩)
(૧૧) ગગન, નભ (૨)
(૧૨) "હર....અપના કરેંગે એય વતન તેરે લિયે....." (૩)
(૧૪) એક વાદ્ય (૨)
(૧૬) ફોગટ, રદ (૨)
(૧૭) "ઓ...કહો ચલી...?" (૪)
(૨૦) ખોટો દેખાવ (૨)
(૨૨) શરમ, લાનત (૨)
(૨૪) પાણી ભરવાનું એક સાધન (૨)
(૨૬) હદ, પરાકાષ્ઠા (૩)
(૨૮) 'શાબાશ' દર્શાવતો ઉદ્દગાર (૨)
(૨૯) વિષ્ણુનો ત્રીજો અવતાર (૩)
(૩૧) મેળાવડો, પરિષદ (૨)
(૩૨) વેચાણનું નાણું (૩)
(૩૩) શંકર, મહાદેવ (૨)
(૩૪) એક જાતની ઘોડાગાડી (૨)

**ઉભી ચાવી :**
(૧) અઠવાડિયાનો એક વાર (૨)
(૨) ગધેડો (૩)
(૩) દૂધ પરની મલાઈની પોપડી (૨)
(૫) આરામ..હે (૩)
(૬) શ્વાસનો એક રોગ (૨)
(૮) આ મળે તો છોડવી નહી (૨)
(૧૦) એક ફૂલ (આ-અ) (૩)
(૧૧) દુનિયા, જગત (૩)
(૧૩) લોહી, રૂધિર (૨)
(૧૫) નૃત્ય (૨)
(૧૬) નકામું, વ્યર્થ (૩)
(૧૮) ...માં અકલ નહી (૩)
(૧૯) ભગવાન શ્રી કૃષ્ણ એટલે...પુરૂષોત્તમ (૨)
(૨૧) દીવાલ ઘડિયાળ (અંગ્રેજીમાં) (૨)
(૨૩) ....લાલ નહેરૂ (૪)
(૨૫) મહા ભાગ્યશાળી (૪)
(૨૭) એક ગુજરાતી ફિલ્મ અભિનેત્રી : રોમા....(૩)
(૩૦) વાટ, ડગર (૨)
(૩૧) બધા (હિન્દીમાં) (૨)

## શબ્દ સંજોગ-૧૯૧૩ જવાબ

**આડી ચાવી:** (૧) અભિપ્રોક્ષણ (૪) સિનેમા (૭) ટીમ (૮) ધરપત (૯) રોન (૧૦) શગ (૧૨) નંગ (૧૫) રસીદ (૧૭) સુધરાઈ (૧૯) સનાતન (૨૦) વરસ (૨૧) તાળું (૨૨) પર્ણ (૨૩) ડોક (૨૫) રમણ (૨૭) રજબ (૨૮) છડેચોક. **ઉભી ચાવી:** (૧) અહર્નિશ (૨) પ્રોટીન (૩) ક્ષમ (૪) સિર (૫) નેપથ્ય (૬) માત (૮) ધન (૯) રોગ (૧૧) ગરનાળુ (૧૨) નંદન (૧૩) પાધર (૧૪) નઈ (૧૬) સીત (૧૭) સુવર્ણ (૧૮) રાસડો (૧૯) સત્તાધાર (૨૨) પણછ (૨૪) કર્મ (૨૫) રબ (૨૬) વાંચો.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના બે વર્ષ પૂર્ણ : આજે વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર,તા.૧૧



ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારે બે વર્ષના કાર્યકાળમાં સેવા, સંકલ્પ અને સમર્પણ ભાવ સાથે પ્રજાકીય સુશાસનની જન-જનને અનુભૂતિ કરાવી છે. મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર તા. ૧૨મી ડિસેમ્બર, ગુરૂવારે તૃતીય વર્ષમાં પદાર્પણ કરશે તે અવસરને પણ 'ગ્યાન' આધારિત વિકાસ ઉત્સવ બનાવવાનું બહુ આયામી આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્ય મંત્રી મંડળના મંત્રીઓ વર્તમાન રાજ્ય સરકારના ત્રીજા વર્ષમાં મંગળ પ્રવેશ અવસરે આ 'ગ્યાન' આધારિત વિવિધ કાર્યક્રમોમાં સહભાગી થવાના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સેવા, સંકલ્પ અને સમર્પણના બે વર્ષ પૂર્ણ કરીને તૃતીય વર્ષમાં પદાર્પણ અવસરે તા.૧૨મી ડિસેમ્બર, ગુરૂવારના દિવસનો પ્રારંભ અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા નરોડામાં ૩૦૦ ચોરસ મીટરમાં નિર્માણ પામેલા શ્રમિક સુવિધા કેન્દ્રના લોકાર્પણ દ્વારા ગરીબ ઉત્થાન કાર્યક્રમથી કરશે. મુખ્યમંત્રી 'ગ્યાન'ના બીજા મહત્વપૂર્ણ પિલ્લર એવા યુવાઓના ઉજ્જવળ ભવિષ્યની નેમ સાથે સવારે ૧૧ કલાકે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં યોજાનારા કાર્યક્રમમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં પસંદગી પામેલા ૫૮૦ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરવાના છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'અન્નદાતા'ને પ્રોત્સાહન અને પ્રેરણા આપવા ખેડૂત ઉત્પાદક સંગઠનો FPOના સદસ્યો સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાને સંવાદ કાર્યક્રમનું પણ આયોજન કર્યું છે. ખેત પેદાશોના મહત્તમ ઉત્પાદન, વેલ્યુએડિશન, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ તેમજ પ્રાકૃતિક ખેતીને વેગ આપવા FPOને મુખ્યમંત્રી આ સંવાદ કાર્યક્રમમાં માર્ગદર્શન આપશે. મુખ્યમંત્રી ગુરુવારે સાંજે ૩૦૦ જેટલી મહિલા સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેટર્સ સાથે અમદાવાદમાં આઈ-હબ ખાતે યોજનારા એક કાર્યક્રમમાં સંવાદ-વાતચીત કરશે. મહિલા ઉદ્યોગ સાહસિકો સંશોધકોને રાજ્ય સરકાર દ્વારા મળેલા પ્રોત્સાહનને કારણે રાજ્યમાં મહિલા સ્ટાર્ટઅપની સંખ્યામાં ૫૨%નો વધારો થયો છે. મુખ્યમંત્રી 'ગ્યાન'નો ચોથો સ્તંભ એવી નારીશક્તિના શક્તિ સામર્થ્યને આ સ્ટાર્ટ અપ ઈનોવેટર્સ સાથેના સંવાદ કાર્યક્રમથી નવી દિશા આપશે.

# સાવરકુંડલાના જુનાસાવર પંથકમાં ધારાસભ્ય દ્વારા રૂ. ૩ કરોડના ખર્ચે વિકાસ કાર્યોનો પ્રારંભ

સાવરકુંડલા, તા.૧૧



સાવરકુંડલાના જુનાસાવર ખાતે ૧.૪૪ કરોડના ખર્ચે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત અને રૂ. ૧.૫૦ કરોડના ખર્ચ જુનાસાવરથી જીરા રોડ રેલ્વે સ્ટેશન સુધીના રસ્તાનું નવીનીકરણનો પ્રારંભ ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જિ.પં. આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, તાલુકા ભાજપ અધ્યક્ષ જીવનભાઈ વેકરીયા, સાવરકુંડલા શહેર ભાજપ અધ્યક્ષ પ્રવીણભાઈ સાવજ, જિલ્લા પંચાયત સદસ્ય પુનાભાઈ ગજેરા, સરપંચ કલ્પેશભાઈ કાનાણી, તાલુકા પંચાયત સદસ્ય મનુભાઈ ડાવરા, કાંતિભાઈ કાનાણી, મહેશ ભાલાળા, પ્રવીણભાઈ ભાલાળા, કેરાળાના સરપંચ ધીરુભાઈ, ધનજીભાઈ વઘાસીયા, નાથાભાઈ સોરઠીયા, ભરતભાઈ ડાવરા સહિતનાં બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહને ભવ્ય વિદાય

અમરેલી,તા.૧૧



અમરેલી જિલ્લામાં છેલ્લાં બે વર્ષ કરતા વધારે સમયથી કાયદો અને વ્યવસ્થા સંભાળનાર જિલ્લા પોલીસ વડા હિમકરસિંહની રાજકોટ ગ્રામ્ય જિલ્લા પોલીસ વડા તરીકે બદલી થતા આજરોજ તેમને વિદાય આપવામાં આવી હતી. સોર્સના માધ્યમથી ગમે તેવા ગુનાને ઉકેલી નાખનાર હિમકરસિંહે અનેક ગુનેગારોને ભોંભીતર કર્યા હતા. તાજેતરમાં જ ચકચારી ચિત્તલ હત્યા કેસ માત્ર આઠ દિવસમાં ઉકેલી નાખી હત્યારાને જેલ ભેગો કર્યો હતો. જિલ્લા પોલીસ વડા હિમકરસિંહની બદલી થતા તેનો વિદાય સમારંભ યોજાયો હતો જેમાં રાજકીય, સામાજિક આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા. આ અંગે હિમકરસિંહે જણાવ્યું હતું કે જિલ્લામાંથી તમામ લોકોએ ખુબ સહકાર આપ્યો છે. આવનારા નવા એસ.પી.ને આવો જ સહકાર મળે તેવી આશા વ્યકત કરી હતી.

# ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશક્તિ સ્કૂલમાં ગીતા જયંતિની ભવ્ય ઉજવણી

અમરેલી, તા.૧૧



અમરેલીમાં શ્રીમતી એસ. એચ. ગજેરા કેમ્પસ સંચાલિત જ્ઞાનશક્તિ સ્કૂલમાં આજે માગશર સુદ એકાદશીને બુધવારે 'ગીતા જયંતિ'ની ભવ્ય ઉજવણી થઈ હતી. આ તકે મુખ્ય મહેમાન તરીકે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ભારતની ભવ્યતા અને વારસાની ધરોહર એવી 'શ્રીમદ ભગવદ ગીતા'નું મહત્વ સમજાવી આપણા જીવનમાં ગીતાજીના વિચારો લાવી ગમે તેવી પરિસ્થિતિમાં સ્થિર બની જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી હતી. આ ઉપરાંત આ કાર્યક્રમની રૂપરેખામાં મુખ્ય આકર્ષણનું કેન્દ્ર વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ ૨X૧.૫ ફૂટની 'શ્રીમદ ભગવદ ગીતા' હતી. આ કાર્યક્રમમાં તમામ શૈક્ષણિક, બિન-શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો.

# જિલ્લાના ખેડૂતોને કિસાન હપ્તો મેળવવા પોર્ટલ પર નોંધણી કરાવવી ફરજિયાત

**ખેડૂતોને ખોટી લિંકથી બચવા ખેતીવાડી અધિકારીનો અનુરોધ**

અમરેલી,તા.૧૧

એગ્રીસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ફાર્મર રજિસ્ટ્રી પોર્ટલ તમામ જિલ્લાઓમાં પુનઃ કાર્યરત થયું છે. કેન્દ્ર સરકારની પી.એમ. કિસાન યોજનાના લાભાર્થીઓને તે યોજનાના આગામી હપ્તા માટે ખેડૂતોની આ પોર્ટલ પર નોંધણી ફરજિયાત છે. આ નોંધણી કરાવવાની પ્રક્રિયા નિઃશુલ્ક છે, માટે ખેડૂતોએ આ માટે કોઈપણ પ્રકારની ફી આપવાની રહેતી નથી. આ પોર્ટલ પર જે ખેડૂતોએ નોંધણી કરાવી હશે તેમને પી. એમ. કિસાનનો આગામી હપ્તો મળશે. ઈ-ગ્રામ કેન્દ્ર ખાતે નોંધણી કરાવવામાં આવે તો તે માટે કોઈ ચાર્જ આપવાનો રહેતો નથી. ખેડૂત નોંધણી માટે ભળતી કે ખોટી APK કે લિંક ન ખોલતા ગામના તલાટી અથવા ગ્રામ સેવકનો સંપર્ક કરી નક્કી કરવામાં આવેલા ઓપરેટર મારફતે નોંધણી કરાવવી. ખેડૂત પોતાની રીતે જાતે પણ સેલ્ફ રજિસ્ટ્રેશન કરાવી શકે છે. સોશિયલ મીડિયામાં સેલ્ફ રજિસ્ટ્રેશન માટે આવતી ભળતી લિંકથી કે ખોટી વિગતોથી પ્રેરાવું નહિ, સાવચેત અને સચેત રહેવા ખેતી નિયામકએ અનુરોધ કર્યો છે.

# ઉદયન ત્રિવેદીની દલીલોથી અમરેલી નાગરિક બેન્ક ઉચાપત કેસમાં આરોપીનો છુટકારો

અમરેલી, તા.૧૧



અમરેલી નાગરિક બેંકમાં થયેલા ૨ લાખ રૂપિયાની ઉચાપતના ચકચારી કેસમાં આરોપી શંભુભાઈ ધાનાણીને અમરેલીની ડિસ્ટ્રિક્ટ કોર્ટે નિર્દોષ ઠેરવી છોડી મુક્યા છે. આ કેસમાં એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને ધ્યાને લઈને કોર્ટે આરોપીને નિર્દોષ ઠેરવ્યા છે. આ કેસમાં આરોપ હતો કે, શંભુભાઈ ધાનાણી જે તે સમયે બેંકમાં એકાઉન્ટ કલાર્ક અને કેશીયર તરીકે ફરજ બજાવતા હતા. તેમણે ગ્રાહકો પાસેથી જમા લીધેલી રકમ બેંકના ખાતામાં જમા ન કરીને પોતાના અંગત ઉપયોગમાં લઈ લીધી હતી. આ મામલે તેમની સામે ગુનો નોંધાયો હતો. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટે શંભુભાઈને દોષિત ઠેરવી ૭ વર્ષની સજા અને દંડ ફરમાવ્યો હતો. જોકે, શંભુભાઈએ આ ચુકાદા સામે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં અપીલ કરી હતી.


મુકેશ સંધાણી 94281 45595 | New Number 97230 67130 | હર્ષદ સંધાણી 98242 33314

**અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી**

ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી

**શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?**




**મુકેશ મોટર ગેરેજ** Info.mmgamr.gmail.com

C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯



Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

**મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ**

**કારકેર સેન્ટર**

(Maruti Authorised Workshop)



**વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર**

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com







## જાહેર નોટીસ

આથી લાગતા - વળગતા તમામને આ જાહેર નોટીસ દ્વારા જાણ કરી જણાવવામાં આવે છે કે અમો જમીનના માલીક પ્રવિણભાઈ બચુભાઈ વડાલીયાની કબજા ભોગવટાની માલીકીની અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના દુધાલા બાઈ ગામે આવેલ જુની શરતની ખેતીની જમીન જેના રે.સ.નં.૮૪ પૈકી ૧, વાળી જમીન પુરેપુરી અથવા તે પૈકીના હિસ્સાનુ વેચાણથી આપવાનુ નકકી કરેલ હોય અને આ બાબતનો લાઠી સબરજીસ્ટ્રાર કચેરીમાં ખરીદનારની તરફેણનો વેચાણ દસ્તાવેજ ટુંક સમયમાં નોંધાવવાનો હોય તથા જમીનનો કબજો સોપવાનો હોય તેથી આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ કે અમો યાને જમીનના માલીક સદરહુ જમીન ચોખ્ખા ટાઈટલ હોવાનુ જણાવી ઉપરોકત જમીન અને તેની સાથે જોડાયેલા સુખાધિકારના હકકો, પરત્વે કોઈ વ્યકતી, શખ્સ, સંસ્થા, પેઢી કંપની, એસોસીએશન, બેન્ક, નાણાકીય સંસ્થા કે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, લાગભાગ, બાનાખત, સાટાખત, મોબદલાના કરાર, અને અન્ય કરારો કે લીયન ચાર્જ બોજો કે એફોસેબલ રાઈટસ એકસનેબલ કલેઈમ કે આ મિલ્કત પરત્વેના ભરણ, પોષણનો હકક હોય તો તેઓએ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિવસ - ૦૭(સાત)** માં દસ્તાવેજી આધાર પુરાવાઓ સાથે અમોને નિચે જણાવ્યા મુજબના સરનામે જાણ કરવી આ સમય દરમ્યાન આ જમીનના વેચાણ સામે વાંધાઓ નહી આવે તો ઉપરોકત સર્વે નંબર વાળી જમીનના ચોખ્ખા ટાઈટલ હકકે આવેલી છે, તેમ માની અગર તો કોઈના હકક, હિસ્સા, હિત અધિકારો લાગભાગ આવેલા હોય તો તેઓએ જતા(વેવ) કરેલા છે, અથવા સદરહુ વેચાણ બાબતે તેમની સંપૂર્ણ સહમતી છે તેવુ માનીને વેચાણ વ્યવહારની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે અને ત્યારબાદ ભવિષ્યે આ બાબતે કોઈ પોતાના વાંધાઓ, તકરાર ઉભા કરશે તો તેવા વાંધા તકરાર અમોને કે ખરીદનારાઓને લાગુ પડશે નહી. જે બાબતની આ જાહેર નોટીસથી જાહેર કરીએ છીએ.

પત્ર વ્યવહારનું સરનામું :-
સોહીલ મહેબુબભાઈ ખોખર (એડવોકેટ)
શાયોના લીગલ સર્વિસીઝ પ્રા.લી.
સ્ટેશન રોડ,સોમનાથ કોમ્પ્લેક્ષ પહેલો માળ,
નગરપાલીકા કચેરીની સામે, મુ.લાઠી, તા.લાઠી
જી.અમરેલી મો.નં. ૭૬૯૮૧ ૯૨૧૯૧

**નોટીસ પ્રિસધ્ધ કરનાર**
પ્રવિણભાઈ.બ.વડા
..............................
**(પ્રવિણભાઇ બચુભાઇ વડાલીયા)**

**મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવમેજીસ્ટેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી**

કેસ નં.જન્મ/મરણ પરચુરણ અરજ નં. ૫૫/૨૦૨૪

અરજદાર :- ત્રિવેદી પાર્થેશકુમાર કાંતિલાલ, રે.દામનગર, તા.લાઠી

-: **વિરૂધ્ધ** :-

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી, નગરપાલીકા-દામનગર, તા.લાઠી, જી.અમરેલી

**// જાહેર નોટીસ //**

આથી લાગતા વળગતા સર્વે ને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાનાં લાઠી તાલુકાનાં દામનગર ગામના રહીશ અરજદાર ત્રિવેદી પાર્થેશકુમાર કાંતિલાલ નાં દાદીમા સ્વ. શ્રી ત્રિવેણીબેન કાનજીભાઈ ત્રિવેદીનુ અવસાન મોજે દામનગર,તા.લાઠી ગામે તા.૦૫/૦૭/૨૦૦૬નાં રોજ થયેલ હોવાની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામનાં સામાવાળા દ્વારા મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને વાંધો તકરાર કે હરકત હોય, તેઓએ તેમનાં મુખત્યાર મારફતે કે જાતે અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૬/૦૧/૨૦૨૫ના રોજ ૩=૩૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થીત રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

તા.

તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લાઠી.

કોર્ટનો સિક્કો

**ઉના-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ -નં.૧૩૧/૨૦૨૪

અરજદાર :- શ્રી અરવિંદભાઈ ભાણાભાઈ બાંભણિયા
રે.નાથળ,તા.ઉના

વકીલશ્રી:- એન.એન.શિયાળ-ઉના

-: વિરૂધ્ધ :-

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.નાથળ, તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉના તાલુકાના નાથળ ગામના રહીશ શ્રી અરવિંદભાઈ ભાણાભાઈ બાંભણિયા એ તેઓની પુત્રીશ્રી માનવીબેન ની જન્મ તા. ૦૧/૦૪/૨૦૧૯ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૦/૧૨/૨૦૨૪ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૨૫/૧૧/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**

**ઉના-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ -નં.૧૪૧/૨૦૨૪

અરજદાર :- શ્રી દેવાતભાઈ જેસાભાઈ સોલંકી
રે.કાળપાણ,તા.ઉના

-: વિરૂધ્ધ :-

વકીલશ્રી:- નિરજ.એન.શિયાળ-ઉના

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. કાળપાણ ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના કાળપાણ ગામના રહીશશ્રી દેવાતભાઈ જેસાભાઈ સોલંકી એ તેઓના માતાશ્રી જાસીબેન જેસાભાઈ સોલંકી મરણ તા.૦૨/૦૬/૨૦૦૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**

**ઉના-//તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, ઉનાની કોર્ટમાં, ઉના//-**

કેસ -નં.૧૪૦/૨૦૨૪

અરજદાર :- શ્રી દેવાતભાઈ જેસાભાઈ સોલંકી
રે.કાળપાણ,તા.ઉના

-: વિરૂધ્ધ :-

વકીલશ્રી:- નિરજ.એન.શિયાળ-ઉના

સામાવાળા :- તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ. કાળપાણ ,તા.ઉના

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉના તાલુકાના કાળપાણ ગામના રહીશશ્રી દેવાતભાઈ જેસાભાઈ સોલંકી એ તેઓના પિતાશ્રી જેસાભાઈ જોધાભાઈ સોલંકી મરણ તા.૦૧/૦૩/૧૯૯૮ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૭/૦૧/૨૦૨૫ ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૫/૧૨/૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,**
**ઉના**

# હિન્દુઓ પર થતા અત્યાચાર મુદ્દે બાંગ્લાદેશ સામે કેન્દ્ર સરકાર કડક પગલા ભરે : આરએસએસ

## સંઘનો આક્રોશ: આવનાર પેઢી આપણા મૌન પર સવાલ ઉઠાવશે

નાગપુર,તા.૧૧

બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા અત્યાચારો વચ્ચે હવે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના પ્રચાર પ્રમુખ સુનીલ આંબેકરે ચિંતા વ્યક્ત કરતા કેન્દ્ર સરકારને કડક પગલાં લેવાની અપીલ કરી છે. જો વાતચીત દ્વારા સમસ્યાનો ઉકેલ ન લાવી શકાય તેમ હોય તો મોદી સરકારે અન્ય રસ્તાઓ વિચારવા જોઈએ. નાગપુરમાં 'સકલ હિંદુ સમાજ' દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં સુનિલ આંબેકરે કહ્યું, "કેન્દ્રએ બાંગ્લાદેશમાં હિંદુઓ બાબતે વધુ ગંભીરતાથી કામ કરવા નક્કર પગલાં લેવા જોઈએ. મને આશા છે કે આ મુદ્દાને વાતચીત



દ્વારા ઉકેલી શકાય છે, પરંતુ જો મંત્રણા નિષ્ફળ જાય તો તેના માટે આપણે બીજો રસ્તો શોધવો પડશે. આરએસએસના નેતાએ એમ પણ કહ્યું કે, બાંગ્લાદેશમાં થઈ રહેલી હિંસાનો ઉદ્દેશ્ય હિંદુ સમુદાયને ઉખેડી નાખવાનો છે. માત્ર બાંગ્લાદેશ, પાકિસ્તાનમાં જ આવી રીતે હિન્દુઓ પર હુમલા થઈ રહ્યા છે. અમે હિંદુઓ પર અત્યાચાર સહન નહીં કરીએ. જો આપણે આના પર કંઈ નહીં કરીએ તો આવનારી પેઢી આપણા મૌન પર સવાલ ઉઠાવશે.

# મહારાષ્ટ્રમાં ૧૪ ડિસેમ્બરે ફડણવીસ કેબિનેટનું વિસ્તરણ થાય તેવી સંભાવના

## ભાજપના ૨૦, શિંદેના ૧૨, અજીતના ૧૦ ધારાસભ્યો મંત્રી બને તેવી સંભાવના

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્રમાં નવી સરકારની કેબિનેટનું ૧૪ ડિસેમ્બરે વિસ્તરણ થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ૪૦થી વધુ ધારાસભ્યોને મંત્રી તરીકે શપથ લેવડાવવામાં આવશે. ભાજપના ૨૦ જેટલા ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લેશે. જ્યારે એકનાથ શિંદે જૂથના શિવસેનાના ૧૨ ધારાસભ્યો મંત્રી બનશે.



અજિત પવારની એનસીપીના લગભગ ૧૦ ધારાસભ્યોને મંત્રી બનાવવામાં આવી શકે છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ ગૃહ મંત્રાલય પોતાની પાસે રાખી શકે છે. ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે શહેરી વિકાસ મંત્રાલય અને અજિત પવાર પાસે નાણાં મંત્રાલય હશે. કયું મંત્રાલય કયા પક્ષના ખાતામાં જશે તેના પર લગભગ સહમતી બની ગઈ છે. મતલબ કે ચૂંટણી પહેલા તેમની પાસે રહેલા ટોચના પોર્ટફોલિયો અકબંધ રહેશે, અન્ય વિભાગોમાં નાના ફેરફારો થશે. ફડણવીસ ગૃહ મંત્રાલય જાળવી રાખશે, જ્યારે નાણા મંત્રાલય ફરી એકવાર અજિત પવાર પાસે જશે.




# બંધારણના અપમાનને લઈ મહારાષ્ટ્રના પરભણીમાં અચાનક હિંસા ફાટી નીકળી

પરભણી,તા.૧૧

મહારાષ્ટ્રના પરભણીમાં બંધારણના અપમાનને લઈને અચાનક હિંસા ફાટી નીકળી હતી. આ પછી ઘણા વિસ્તારોમાં આગચંપી કરવામાં આવી હતી. વિરોધ કરી રહેલા લોકોનું કહેવું હતું કે જે લોકો બંધારણનું અપમાન કરે છે તેમને ફાંસીની સજા મળવી જોઈએ. પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. ભીડને કાબૂમાં લેવા માટે ટીયર ગેસના શેલ પણ છોડવામાં આવ્યા હતા.



બેકાબૂ લોકોને કાબૂમાં લેવા માટે મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ હાજર છે. આંબેડકરી અનુયાયીઓ પરભણી શહેરમાં કલેક્ટર ઓફિસની સામે પ્રતિમા વિસ્તારમાં એકઠા થયા હતા અને 'રસ્તા રોકો' અને 'રેલ રોકો' પણ કર્યું હતું. સાવચેતીના પગલા તરીકે, ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે અને તેની સાથે BNSSની કલમ ૧૬૩ લાગુ કરવામાં આવી છે.

# રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલના કાફલાને અકસ્માત નડ્યો : ૯ ઘાયલ

જયપુર,તા.૧૧

રાજસ્થાનના મુખ્યમંત્રી ભજનલાલ શર્માના કાફલાને અકસ્માત નડ્યો છે. જયપુરમાં બુધવારે બપોરે થયેલી આ દુર્ઘટનામાં કાફલામાં તહેનાત સુરક્ષા કર્મચારીઓ સહિત ૯ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોમાંના બે ની સ્થિતિ ગંભીર છે જેમને આઈસીયુમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. પોલીસે ઘટના સ્થળે પહોંચીને દુર્ઘટનાગ્રસ્ત કારને રસ્તાથી હટાવી અને ટ્રાફિકજામ દૂર કર્યો હતો. સાથે જ કાફલામાં સામેલ ગાડીને ટક્કર મારનારી કારને કબ્જામાં લઈને આગળની કાર્યવાહી શરૂ કરી દેવાઈ છે. જાણકારી અનુસાર, સીએમ ભજનલાલે ટ્રાફિક પોલીસને તેમના કાફલાની મૂવમેન્ટ દરમિયાન સામાન્ય જનતાને ન રોકવાના આદેશ આપ્યા હતા. દરમિયાન જ્યારે સીએમ નીકળ્યા તો રોન્ગ સાઈડથી આવી રહેલી ગાડીએ તેમના કાફલામાં ઘૂસીને સુરક્ષા કર્મચારીઓની ગાડીને ટક્કર મારી દીધી. જેમાં ૫ સુરક્ષા કર્મચારીઓ સહિત ૯ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા.

# મહારાષ્ટ્રની ચૂંટણીમાં હાર થતાં ઈવીએમમાં છેડછાડના આક્ષેપ સાથે વિપક્ષ સુપ્રીમમાં જશે

મુંબઈ,તા.૧૧

મહારાષ્ટ્રમાં વિધાનસભા ચૂંટણી હારી જતાં ઈન્ડિયા બ્લોકે દાવો કર્યો છે કે તેઓ કથિત ઈવીએમ સાથે છેડછાડને કારણે મહારાષ્ટ્રની ચૂંટણી હારી ગયા હતા. વિપક્ષી ગઠબંધન હવે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં છેડછાડનો આરોપ લગાવીને સુપ્રીમ કોર્ટમાં જવાની તૈયારી કરી રહ્યું છે. વિપક્ષી ગઠબંધન ઈવીએમ ગેરરીતિઓને લઈને ૧૩ ડિસેમ્બરે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરશે.

# ભારત રશિયા સાથે અબજોના સંરક્ષણ સોદા કરે તેવી સંભાવના

(એચ.એસ.એલ),મોસ્કો,તા.૧૧

ભારતના રક્ષા મંત્રી રાજનાથ સિંહની રશિયાની મુલાકાત દરમિયાન મોટા સંરક્ષણ કરારની ચર્ચા અંતિમ તબક્કામાં છે. ચીનના ખતરાને જોતા ભારતે રશિયા પાસેથી ઘણા મહત્વપૂર્ણ શસ્ત્રો અને સુરક્ષા પ્રણાલી ખરીદવામાં રસ દાખવ્યો છે. આ કરારમાં ચર્ચા હેઠળની શસ્ત્ર પ્રણાલીઓમાં સૌથી મહત્વપૂર્ણ રડાર સિસ્ટમની વોરોનેઝ શ્રેણી છે.

# સીરિયામાંથી ભારતે જમ્મુ-કાશ્મીરના ૪૪ યાત્રાળુ સહિત ૭૫ લોકોને બહાર કાઢ્યા

નવીદિલ્હી,તા.૧૧

બળવાખોર દળોએ બશર અલ-અસદની સરકારને હટાવવાના બે દિવસ બાદ મંગળવારે સીરિયામાંથી ૭૫ ભારતીય નાગરિકોને ભારતે બહાર કાઢ્યા હતા. વિદેશ મંત્રાલયે કહ્યું કે સુરક્ષા સ્થિતિનું મૂલ્યાંકન કર્યા બાદ દમાસ્કસ અને બેરૂતમાં ભારતીય દૂતાવાસોએ ખાલી કરાવવાની પ્રક્રિયા હાથ ધરી છે. મોડી રાત્રે જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું કે, 'ભારત સરકારે તાજેતરની ઘટનાને પગલે આજે ૭૫ ભારતીય નાગરિકોને સીરિયામાંથી બહાર કાઢ્યા છે.' તેમાં કહેવામાં આવ્યું છે કે, 'જમ્મુ અને કાશ્મીરના ૪૪ તીર્થયાત્રીઓનો સમાવેશ થાય છે જેઓ સઈદા ઝૈનબ (સીરિયામાં શિયા મુસ્લિમો માટે એક મહત્વપૂર્ણ તીર્થસ્થળ)માં ફસાયેલા હતા. તમામ ભારતીય નાગરિકો સુરક્ષિત રીતે લેબનોન પહોંચી ગયા છે.



# બર્ફિલા પવનોને કારણે અમરેલી સહિત રાજયમાં હાડ થીજાવતી ઠંડી

અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં ગાત્રો થીજવતી ઠંડી શરૂ થતાં જ લોકો ધ્રૂજી ઊઠ્યા છે. છેલ્લા બે દિવસથી રાજ્યમાં બર્ફિલા પવન ફૂંકાતાં જનજીવન પ્રભાવિત જોવા મળી રહ્યું છે. લોકો ઠંડીથી રક્ષણ મેળવવા માટે તાપણા અને ગરમ કપડાંનો સહારો લેતા જોવા મળી રહ્યા છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યમાં સિઝનનું સૌથી ઓછું ૫ ડિગ્રી તાપમાન નલિયામાં નોંધાયું છે. હવામાન વિભાગ દ્વારા આગામી બે દિવસ દરમિયાન રાજકોટ અને કચ્છ જિલ્લામાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્ર-કચ્છમાં કોલ્ડવેવની શક્યતા વ્યકત કરવામાં આવી હતી, એની વચ્ચે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન અમરેલી શહેર-જિલ્લામાં ફૂંકાઈ રહેલા બર્ફિલા પવનના કારણે લોકોને કડકડતી ઠંડીનો સામનો કરવાનો વારો આવ્યો છે.























